# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date :** 14-06-2025 **Day: Saturday** **Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધામંત્રી-અમદાવાદ:

ગુરૂવારે અમદાવાદમાં થયેલ ભીષ વિમાની દુર્ઘટનાને પગલે પ્રધાનનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે સવારે અમદાવાદ પહોંચ્યા હતા અને દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી તથા અને સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા ઇજાગ્રસ્તોને મળીને તેમના ખબર અંતર પૂછ્યા હતા તેમણે સિવિલ હોસ્પિટલના અધિક્ષક સાથે પણ વાતચિત કરીને ઇજાગ્રસ્તોને યોગ્ય સારવાર મળી રહે તેવી સૂચના આપી હતી..તેમણે મુતકોના પરિવારજનો સાથે પણ મુલાકાત કરી હતી અને  અસરગ્રસ્ત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમદાવાદમાં થયેલી હવાઈ દુર્ઘટનાથી દેશ ખૂબ જ દુઃખી છે. અચાનક જ હૃદયદ્રાવક થયેલા અકસ્માતમાં આટલા બધા લોકોનાં મોત અંગે તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. શ્રી મોદીએ કહ્યું કે, સરકાર તેમનું દુઃખ સમજે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુર્ઘટનામાં ઉગરી ગયેલા  એકમાત્ર મુસાફર અને ભારતીય મૂળના બ્રિટિશ નાગરિક વિશ્વાસકુમાર રમેશ સાથે  પણ મુલાકાત કરી હતી.. મુલાકાત બાદમાં, શ્રી મોદીએ અમદાવાદમાં અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

---------------------------------------------------------------------------------------------------

## અમદાવાદ દુર્ઘટના સિવિલ હોસ્પિટલ:

એર ઇન્ડિયાના વિમાન બોઇંગ 787 ના અકસ્માતના કારણે દેશ-વિદેશમાં હજારો પરિવારો શોકમગ્ન બન્યા છે. અકસ્માતના એપી સેન્ટર જેવી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દેશ-વિદેશથી લોકોના સ્વજનો પહોંચી રહ્યા છે. અકસ્માતને પગલે આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર,

અને સુરક્ષા તંત્ર ખડેપગે છે, અને અસરગ્રસ્ત પરિવારોને સહાયરૂપ થવા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------------

## અમદાવાદ દુર્ઘટના-પોસ્ટ મોર્ટમ :

એર ઇન્ડિયા બોઇંગ 787 વિમાન અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામના મૃતદેહને રવિવાર સાંજ સુધીમાં સોંપી દેવામાં આવશે. સિવિલ હોસ્પિટલ અમદાવાદના દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. તેમાં જણાવ્યું છે કે સંબંધિત તમામને આ અંગે ફોનથી જાણ કરાશે, અને રવિવાર સાંજ સુધીમાં તમામ મૃતદેહોના ડીએનએ ટેસ્ટ પુરા કરી દેવાશે. વિમાન અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના સંબંધીઓને ખાસ બોલાવીને તેમના ડીએનએ લેવામાં આવી રહ્યા છે. ઓળખના આધારે અત્યાર સુધીમાં સાત મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. કુલ 270 જેટલા પોસ્ટ મોર્ટમ પણ કરવામાં આવ્યા છે.

-----------------------------------------------------------------------------------------------

## એર ઈન્ડીયા-DGCA:

**એર ઇન્ડિયાના વિમાન બોઇંગ 787 ના અકસ્માતને ધ્યાનમાં રાખીને નાગરિક ઉડ્ડયન મહાનિયામક દ્વારા વિશેષ સુરક્ષા નીરિક્ષણ માટેના આદેશ આપવામાં આવ્યા છે. DGCA દ્વારા તકેદારીના ભાગરૂપે વિમાનોની જાળવણીનાં વધુ ખાસ પગલાં લેવા પર ભાર મૂકવામાં આવ્યો છે.**

-----------------------------------------------------------------------------------------------

## રાજ્ય-પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અંજલી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી  વિજય રૂપાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો, તેમણે સોસિયલ મીડિયા પોસ્ટ પર લખ્યુ છે કે “વિજયભાઈ રૂપાણીના પરિવારજનોને મળી સાંત્વના પાઠવી. વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી. વર્ષોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે. કંઈ કેટલાય પડકારજનક

સમયમાં અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. તેમણે વિજય રૂપાણીના કાર્યોને પણ યાદ કર્યા હતાં.

દરમ્યાન અમદાવાદ દુર્ઘટનામાં માર્યા ગયેલા ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પુત્ર આજે ભારત આવી રહ્યા છે. સ્વર્ગસ્થ વિજય રૂપાણીના ડીએનએ ટેસ્ટ પછી તેમના વતન રાજકોટ ખાતે તેમની અંતિમ વિધિ કરવામાં આવશે. રાજકોટ વેપારી મંડળ દ્વારા સ્વર્ગસ્થ રૂપાણીના માનમાં બજાર બંધ રાખવામાં આવશે.

---

## અમદાવાદ દુર્ઘટના બ્લેક બોક્સ:

અમદાવાદમાં થયેલ જીવલેણ વિમાન દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે. ફોરેન્સિક નિષ્ણાતોએ વિગતવાર તપાસ માટે ક્રેશ સ્થળની મુલાકાત લીધી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી બ્લેક બોક્સ મળી આવ્યું છે. અગાઉ, ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડીએ ઘટનાસ્થળેથી ડિજિટલ વોઇસ રેકોર્ડર મેળવ્યું હતું.

આ દુર્ઘટના બાદ, આસપાસના વિસ્તારના ઘણા સ્થાનિક રહેવાસીઓ ગુમ થયાના અહેવાલ છે. તેમને શોધવાની કામગીરી હજુ પણ ચાલુ છે. વિમાન ક્રેશ થયા અંગે મેઘાણી નગર પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મૃત્યુ FIR નોંધવામાં આવી છે.

---

## કોંગ્રેસ અધ્યક્ષ-અમદાવાદ:

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે આજે સાંજે 4 વાગ્યે અમદાવાદ પહોંચી વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપશે. તેઓ સરકારી સિવિલ હોસ્પિટલમાં ઘાયલો અને શોકગ્રસ્ત પરિવારોને મળશે અને દુ:ખદ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લેશે.

---

## કચ્છ-વિમાન દુર્ઘટના:

અમદાવાદી વિમાન દુર્ઘટામાં  કચ્છ જીલ્લાના પટેલ ચોવીસી ગામના   કોડકી, માધાપર અને દહીંસરાના પ્રવાસીઓનો પણ સમાવેશ થતાં  કચ્છ જીલ્લામાં પણ  શોકની લાગણી ફેલાઈ હતી.

---

## કેન્દ્રસરકાર-ટેકાના ભાવ:

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગ પાક માટે ટેકાનો ભાવ રૂ. ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ જાહેરમાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ત્રીજા એડવાન્સ અંદાજ મુજબ ગુજરાતમાં ઉનાળુ મગનું કુલ વાવેતર ૫૫,૬૧૦ હેક્ટર, ઉત્પાદન ૭૦,૮૭૦ મેટ્રિક ટન તથા ઉત્પાદકતા ૧૨૭૪.૨૭ કિગ્રા પ્રતિ હેક્ટર છે.

---

## કચ્છ-હવામાન:

હવામાન વિભાગ દ્વારા કચ્છ જીલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન  હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દરમ્યાન જીલ્લામાં મહત્તમ તાપમાન સુચક પારો નીચો ઉતરતા  ગરમીમાં રાહત થઈ છે, પરંતુ આકાશમાં વાદળોની ગતિવિધીથી લોકો તીવ્ર ઉકળાટની  અનુભુતી કરી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરબી સમુદ્રમાં થતી હિલચાલના કારણે    આ માસના અંત સુધીમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં નેરૃત્યનું ચોમાસુ  સક્રિય થઈ જાય તેવા  ઉજળા સંજોગો છે.

---